# હાઈકોર્ટ ઓફ ગુજરાત, સોલા, અમદાવાદ.

વેબ સાઈટ : *http://hc-ojas.guj.nic.in તથા www.gujarathighcourt.nic.in*

## જાહેરાત ક્રમાંકઃ આર.સી/૧૪૩૪/૨૦૧૧.

## ગુજરાત રાજયની નીચલી અદાલતોમાં ડ્રાઈવર, બેલીફ (વર્ગ–૩) અને પટાવાળા (વર્ગ–૪)ની ભરતી

| | | |
|---|---|---|
| **ઓનલાઈન અરજી કરવાની શરૂ થતી તારીખ અને સમય** | ૦૧/૦૮/૨૦૧૨ | બપોરે ૧૨:૦૦ કલાકથી |
| **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય** | ૩૧/૦૮/૨૦૧૨ | રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી |

ગુજરાત હાઈકોર્ટ દ્વારા **ગુજરાત રાજયની નીચલી અદાલતો** હસ્તકના વહીવટી સ્ટાફની નીચે દર્શાવ્યા મુજબના જુદા જુદા સંવર્ગમાં હાલમાં ખાલી પડેલ અને ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી **'ઓનલાઈન અરજીઓ'** મંગાવવામાં આવે છે. જે અંગેની વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

**૧. *(ક) કક્ષાદીઠ જગ્યાની સંખ્યાઃ**

| અ. નં. | જગ્યાનું નામ | કક્ષા | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ.પ. વર્ગ | અશકત | |
| ૧. | ડ્રાઈવર (વર્ગ–૩) | ૨૭ | ૨ | ૨ | ૫ | ૦ | ૩૬ |
| ૨ | બેલીફ (વર્ગ–૩) | ૧૪૩ | ૯ | ૨૪ | ૫૦ | ૩ | ૨૨૯ |
| ૩ | પટાવાળા (વર્ગ–૪) | ૩૮૮ | ૨૮ | ૯૪ | ૧૩૨ | ૧૫ | ૬૫૭ |

* **ઉપરોકત જગ્યાની નિયત સંખ્યામાં ફેરફાર કરવાનો** ઉચ્ચ ન્યાયાલયને અબાધિત અધિકાર રહેશે.

* જો **અનામત વર્ગમાંથી** કોઈ યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય, તો જે તે જગ્યાઓ મેરીટના આધારે અન્ય યોગ્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

* જીલ્લાદીઠ જુદા જુદા સંવર્ગમાં અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી ખાલી પડેલ જગ્યાની સંખ્યા દર્શાવતું પત્રક **એનેક્ષર–"એ"** તરીકે આ સાથે **પાના.નં.૧૬** ઉપર સામેલ છે.

## (ખ) પગાર ધોરણ* :

| અ.નં. | જગ્યાનું નામ | પે–બેન્ડ/પગાર ધોરણ | ગ્રેડ–પે |
|---|---|---|---|
| ૧. | ડ્રાઈવર (વર્ગ–૩) | રૂા.૫,૨૦૦–૨૦,૨૦૦ | રૂા.૧,૯૦૦/– |
| ૨. | બેલીફ (વર્ગ–૩) | રૂા.૫,૨૦૦–૨૦,૨૦૦ | રૂા.૧,૯૦૦/– |
| ૩. | પટાવાળા (વર્ગ–૪) | રૂા.૪,૪૪૦–૭,૪૪૦ | રૂા.૧,૩૦૦/– |

**નોંધ:** સ્પેશ્યલ લીવ ટુ અપીલ (સીવીલ) નં.૭૩૭/૨૦૧૨ના સંદર્ભમાં જો સુપ્રિમ કોર્ટ દ્વારા સૂચવવામાં આવશે તો શેટ્ટી પે કમિશનની ભલામણો અનુસાર, પ્રવર્તમાન જગ્યા ધારણ કરનારને વધારાના લાભો આપી શકાશે.

## ૨. જરૂરી શૈક્ષણિક લાયકાત (તા.૦૨/૦૮/૧૯૮૪ના સરકારી ઠરાવ મુજબ)

| અ.નં. | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧. | ડ્રાઈવર (વર્ગ–૩) | ૧. ઉમેદવારે સરકાર માન્ય શાળામાંથી ધો.૭ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.<br>૨. જે તે સમયે માન્ય 'લાઈટ મોટર ડ્રાઈવીંગ લાયસન્સ' ધરાવતા હોવા જોઈએ અને સામાન્યતઃ વાહન ચલાવવાનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>૩. ગુજરાતી અને હિન્દી ભાષાનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.<br>૪. ઉમેદવાર ૧૬૨ સે.મી. ઉંચાઈ અને ૭૯ સે.મી. છાતી ધરાવતો હોવો જોઈએ. શારીરિક રીતે મજબૂત બાંધો ધરાવતો હોવો જોઈએ.<br>૫. ઉમેદવાર વાહન વ્યવહારને લગતી નિશાનીઓ, ઈશારા (ટ્રાફીક સાઈન, ટ્રાફીક સીગ્નલ), હાથના ઈશારા તેમજ વાહનની જાળવણી, સારસંભાર અને મરામત વિગેરેને લગતું પાયાનું/સામાન્ય જ્ઞાન ધરાવતો હોવો જોઈએ<br>૬. ઉમેદવારની આંખો/દ્રષ્ટિ ખામીયુકત ન હોવી જોઈએ. ઉમેદવારને રંગઅંધત્વની ખામી ન હોવી જોઈએ. એકંદરે જોવાની ક્ષમતા (દ્રષ્ટિ) સ્પષ્ટ અને તંદુરસ્ત હોવી જોઈએ. |

| અ.નં. | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૨. | *બેલીફ*<br>*(વર્ગ–૩)* | ૧. ઉમેદવારે સરકાર માન્ય શાળામાંથી **ધો.૭**ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.<br>૨. ઉમેદવાર સતેજ/બૌધ્ધિક તેમજ શારીરિક દ્રષ્ટિએ મજબૂત હોવો જોઈએ.<br>૩. ઉમેદવાર સાયકલ ચલાવવાની આવડત ધરાવતો હોવો જોઈએ.<br>૪. ગુજરાતી અને હિન્દી ભાષાનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |
| ૩. | *પટાવાળા*<br>*(વર્ગ–૪)* | ૧. ઉમેદવારે સરકાર માન્ય શાળામાંથી **ધો.૪**ની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.<br>૨. ઉમેદવાર સાયકલ ચલાવવાની આવડત ધરાવતો હોવો જોઈએ.<br>૩. ઉમેદવાર માનસિક સતેજ/બૌધ્ધિક તેમજ શારીરિક દ્રષ્ટિએ મજબૂત હોવો જોઈએ.<br>૪. ગુજરાતી ભાષાનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |

## ૩. (ક) વયમર્યાદા :
## (અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૦૮/૨૦૧૨ના રોજ) :

| અ.નં. | જગ્યાનું નામ | વયમર્યાદા | |
|---|---|---|---|
| | | ન્યુનત્તમ વય મર્યાદા | મહત્તમ વય મર્યાદા |
| ૧. | ડ્રાઈવર (વર્ગ–૩) | ૧૮ વર્ષથી ઓછી નહી | ૩૦ વર્ષથી વધુ નહી |
| ૨. | બેલીફ (વર્ગ–૩) | ૧૮ વર્ષથી ઓછી નહી | ૨૫ વર્ષથી વધુ નહી |
| ૩. | પટાવાળા (વર્ગ–૪) | ૧૮ વર્ષથી ઓછી નહી | ૨૫ વર્ષથી વધુ નહી |

### (ખ) વયમર્યાદામાં છૂટછાટ :

વયમર્યાદામાં છૂટછાટના લાગુ પડતા નિયત ધારાધોરણ ઉપરાંત **દરેક કક્ષાના ઉમેદવારને વધારાની પાંચ વર્ષની છૂટછાટ** આપવાનું હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં દરેક **કક્ષાદીઠ મહત્તમ વય** નીચે મુજબ રહેશેઃ

| અ. નં. | કક્ષા | અનામત કક્ષાના ઉમેદવારોને છૂટછાટ | હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ વધારાની છૂટછાટ |
|---|---|---|---|
| ૧. | સામાન્ય | –શૂન્ય– | ૫ વર્ષ |
| ૨. | અ.જા./અ.જ.જા./ સા.અને શૈ.પ.વર્ગ | ૫ વર્ષ | ૫ વર્ષ |
| ૩. | અશકત વ્યકિત (ડિફ્રન્ટલી એબલ્ડ પર્સન્સ) | ૧૦ વર્ષ | ૫ વર્ષ |
| | | (ફકત બેલીફ તથા પટાવાળા માટે લાગુ પડશે) | |
| ૪. | માજી સૈનિક | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ૩ વર્ષ | ૫ વર્ષ |

<u>**નોંધ**</u> : ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ મેળવ્યા બાદ ઓનલાઈન અરજી કરવાના છેલ્લા દિવસે કોઈપણ સંજોગોમાં કોઈપણ કક્ષાના ઉમેદવારની **વય ૪૫ વર્ષથી વધુ હોવી જોઈએ નહી.**

## ૪. અનામત :

અનામત અંગે સરકારની પ્રવર્તમાન જોગવાઈઓ/નિતિઓ પૈકીની જે જોગવાઈઓ/ નિતિઓને ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજયની જુદી જુદી નીચલી અદાલતોના મહેકમ ઉપરની જુદી જુદી જગ્યાઓ/સંવર્ગ માટે લાગુ પાડવામાં આવેલ છે તે મુજબ રહેશે.

## ૫. ફી અને ચૂકવણીની રીતઃ

### (ક) ફી :–

ઉમેદવારોએ નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

| **અ.નં.** | **જગ્યાનું નામ** | **સામાન્ય કક્ષાના ઉમેદવારો માટે** | **અ.જા./અ.જ.જા./ સા.અને શૈ.પ.વર્ગ / અશકત વ્યકિત / માજી સૈનિક ઉમેદવારો માટે** |
|---|---|---|---|
| ૧. | ડ્રાઈવર (વર્ગ–૩) | રૂા.૩૦૦/– | રૂા.૧૫૦/– |
| ૨. | બેલીફ (વર્ગ–૩) | રૂા.૩૦૦/– | રૂા.૧૫૦/– |
| ૩. | પટાવાળા (વર્ગ–૪) | રૂા.૨૦૦/– | રૂા.૧૦૦/– |

**(ખ) ફી ચૂકવણીની રીત :–**

(૧) તમામ ઉમેદવારે ઉપર ફકરા–૫ માં જણાવ્યા મુજબ નિયત ફી ભરવાની રહેશે.

(૨) ઉમેદવાર જયારે OJAS (ઓજસ) વેબસાઈટ ઉપર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટેના ચલનની ત્રણ નકલો એક પાના ઉપર પ્રિન્ટ કરવા સૂચના મળશે, તો તે મુજબ પ્રિન્ટ કરી લેવી. ત્યારબાદ ઉમેદવારે ઉપરોકત રીતે પ્રાપ્ત કરેલ ચલનની નકલ સાથે કોઈ પણ કોમ્પ્યુટરાઝડ પોસ્ટ ઓફિસમાં જઈને પરીક્ષા ફી ભરી શકાશે. ઉમેદવારે પરીક્ષા ફી ઉપરાંત રૂા.૧૨/– પોસ્ટ ઓફિસને ચૂકવવાના રહેશે. પોસ્ટ ઓફિસમાં ફી ભર્યા બાદ ચલનની ત્રણ નકલ પૈકી એક નકલ પોસ્ટ ઓફિસ પોતાની પાસે રાખશે, જયારે બે નકલ તમોને (ઉમેદવારને) પરત કરશે. જે દરેક ઉમેદવારે ખાસ કાળજીપૂર્વક સાચવી રાખવી અને મૌખિક કસોટી વખતે એક નકલ રજૂ કરવાની રહેશે.

(૩) જો ઉમેદવાર અરજી ફોર્મ ભરવા માટે પોસ્ટ ઓફિસની સેવાઓનો ઉપયોગ કરવા ઈચ્છે તો જે તે પોસ્ટ ઓફિસમાંથી ઓનલાઈન અરજી ફોર્મ ભરી શકાશે. તેના માટે ઉમેદવારે પોસ્ટ ઓફિસ દ્વારા નિયત કરેલ રકમ ચૂકવવાની રહેશે. **('પોસ્ટ ઓફિસની સેવા અંગેની યાદી' (સંપર્ક નંબર સહિત) 'પાના નં. ૨૧' ઉપર 'એનેક્ષર–સી' તરીકે મુકવામાં આવેલ છે.)**

(૪) ઉમેદવારે ભરેલ ફી, કોઈપણ સંજોગોમાં પરત ચૂકવવામાં આવશે નહી.

(૫) ઉપરોકત નિયત કરેલ પોસ્ટના માધ્યમ સિવાય કોઈપણ માધ્યમોથી કરેલ ફીની ચૂકવણી સ્વિકારવામાં આવશે નહીં.

**૬. નિમણૂંક માટેની અયોગ્યતા :**

નીચે મુજબની વ્યકિત નિમણૂંક માટે યોગ્ય ગણાશે નહીં:

(ક) ભારતીય **નાગરીકત્વ** ધરાવતી ન હોય તેવી વ્યકિત.

(ખ) સ્થાનિક કે વૈદ્યાનિક/કાનુની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યકિત.

(ગ) એવી વ્યકિત કે જેને નૈતિક અધમતા જેવા ગુના માટે **ગુનેગાર સાબિત કે જાહેર** કરવામાં આવેલ હોય અથવા જેને ઉચ્ચ ન્યાયાલય કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી.) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યકિત.

(ઘ) એવી કોઈપણ વ્યકિત કે જેને ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દબાણ** કરેલ હોય.

(ચ) એવો કોઈપણ પુરૂષ કે જે **એક કરતાં વધારે જીવીત પત્નિ** ધરાવતો હોય, અને એવી કોઈપણ સ્ત્રી કે જેણે એવા પુરૂષ સાથે લગ્ન કરેલ હોય કે જે અન્ય પત્નિ ધરાવતો હોય.

## ૭. અરજી કરવાની રીત :

(ક) ઉમેદવારે તા.૦૧/૦૮/૨૦૧૨ થી તા.૩૧/૦૮/૨૦૧૨ સુધી ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ **http://hc-ojas.guj.nic.in** **or** **www.gujarathighcourt.nic.in** ઉપર **'ઓનલાઈન'** એવા નામથી મૂકવામાં આવેલ લીન્ક મારફતે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

(ખ) ભવિષ્યમાં ઉભી થનાર જરૂરીયાત અને સંદર્ભને ઘ્યાને રાખી, ઉમેદવારે **અરજી ક્રમાંક (એપ્લીકેશન નંબર)** અને **કન્ફર્મેશન નંબર** યાદ / નોંધી રાખવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે એપ્લીકેશન નંબર અને કન્ફર્મેશન નંબર અલગ–અલગ છે. સૌપ્રથમ તબકકામાં એપ્લીકેશન નંબર મળશે, જેના આધારે અરજી કન્ફર્મ કરતાં કન્ફર્મેશન નંબર મળશે. આમ જયાં સુધી અરજી કન્ફર્મ કરવામાં નહીં આવે, ત્યાં સુધી કન્ફર્મેશન નંબર મળશે નહીં. કન્ફર્મેશન નંબર સિવાયની અરજીને ઘ્યાનમાં લેવામાં આવશે નહીં.

(ગ) ઓનલાઈન એપ્લીકેશન માટે ઉપરોકત પ્રક્રિયા અનુસરવી ફરજીયાત છે. ઓનલાઈન એપ્લીકેશન સિવાય **અન્ય કોઈ રીતે કરેલ** અથવા અધૂરી અરજી સ્વિકારવામાં આવશે નહીં. આવી અરજી તાત્કાલિક અસરથી સંપૂર્ણપણે રદબાતલ કરવામાં આવશે.

(ઘ) ઓનલાઈન અરજી કર્યા બાદ, ઉમેદવારે સીસ્ટમ જનરેટેડ **એપ્લીકેશનની પ્રિન્ટ આઉટ** લેવાની રહેશે અને ભવિષ્યની જરૂરીયાતને ઘ્યાને લઈ પોતાની પાસે રાખવાની રહેશે. **પોતાની પાસે રાખેલ સીસ્ટમ જનરેટેડ એપ્લીકેશનની પ્રિન્ટ આઉટ અને જરૂરી દસ્તાવેજો મૌખિક કસોટી વખતે સાથે લઈને આવવાના રહેશે.**

## ૮. સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખું :

સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશેઃ

| **ક્રમાંક** | **પરીક્ષાની વિગત** | **ગુણભાર** |
|---|---|---|
| (ક) | **હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા નીચે મુજબ રહેશે.** | |
| | ડ્રાઈવર, બેલીફ અને પટાવાળાની જગ્યા માટે | ૧૦૦ ગુણ |
| (ખ) | **પ્રાયોગિક (પ્રેકટીકલ) / કૌશલ્ય (સ્કીલ) કસોટી નીચે મુજબ રહેશે.** | |
| | (૧) ડ્રાઈવર (વર્ગ–૩)ની જગ્યા માટે : | ૫૦ ગુણ |
| | (૨) બેલીફ (વર્ગ–૩)ની જગ્યા માટે :<br>(ગુજરાતી ભાષામાં અહેવાલ/ પત્રવ્યવહાર તૈયાર કરવાનો રહેશે) | ૫૦ ગુણ |
| | (૩) પટાવાળાની જગ્યા માટે :<br>**પટાવાળાની જગ્યા માટે કોઈ પ્રાયોગિક કસોટી લેવામાં આવશે નહી.** | |
| (ગ) | **મૌખિક કસોટી નીચે મુજબ રહેશે.** | |
| | ડ્રાઈવર, બેલીફ અને પટાવાળાની જગ્યા માટે | ૫૦ ગુણ |

### (ક) લેખિત પરીક્ષા :–

(૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાના **પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી** રહેશે.

(૨) ઉપર્યુકત લેખિત પરીક્ષામાં **દરેક ખોટા ઉત્તરદીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ ૦.૩૩ નકારાત્મક ગુણ રહેશે.** પરીક્ષાનો **સમયગાળો ૨:૦૦ (બે) કલાકનો** રહેશે.

**અભ્યાસક્રમ :**

| **અ.નં.** | **ડ્રાઈવર** | **બેલીફ** | **પટાવાળા** |
|---|---|---|---|
| ૧. | ગુજરાતી ભાષા | ગુજરાતી ભાષા | ગુજરાતી ભાષા |
| ૨. | સામાન્ય જ્ઞાન | સામાન્ય જ્ઞાન | સામાન્ય જ્ઞાન |
| ૩. | ગણિત | ગણિત | ગણિત |
| ૪. | રમતગમત | રમતગમત | રમતગમત |
| ૫. | રોજબરોજની ઘટનાઓ | રોજબરોજની ઘટનાઓ | રોજબરોજની ઘટનાઓ |
| ૬. | કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન | કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન | – |
| ૭. | વાહન/મોટરનું પાયાનું જ્ઞાન | – | – |
| ૮. | વાહનવ્યવહારના નિયમો / ટ્રાફીક રૂલ્સ | | |

(૩) 'અનુ.જાતિ', 'અનુ.જનજાતિ', અને 'સા.શૈ.પ.વર્ગ' જેવી અનામત કક્ષા હેઠળ આવતા જે ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામાં **ઓછામાં ઓછા ૪૫ માર્કસ** મેળવશે, જયારે તે સિવાયના જે અન્ય ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામાં **ઓછામાં ઓછા ૫૦ ગુણ** મેળવશે તેઓને જ ડ્રાઈવર / બેલીફની જગ્યા માટેની પ્રાયોગિક / કૌશલ્ય કસોટી માટે બોલાવવામાં આવશે, જયારે પટાવાળાની જગ્યા માટે પ્રાયોગિક/પ્રેકટીકલ કસોટી લેવાની ન હોઈ, ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુણ પ્રાપ્ત કરનાર ઉમેદવારોને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે.

(૪) સ્પર્ધાત્મક પરીક્ષા અમદાવાદ ખાતે લેવી કે જીલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે ઉચ્ચ ન્યાયાલય (હાઈકોર્ટ) દ્વારા નકકી કરવામાં આવશે. સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા અંગેની જે તે વ્યવસ્થા ઉમેદવારે પોતે કરવાની રહેશે.

**(ખ) પ્રાયોગિક/કૌશલ્ય કસોટી :–**

(૧) **ડ્રાઈવરની જગ્યા માટે :–** જે ઉમેદવારો લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થાય, તે ઉમેદવારોએ અમદાવાદ ખાતે **૫૦ ગુણનો પ્રાયોગિક/કૌશલ્ય કસોટી** આપવાની રહેશે.

(૨) **બેલીફની જગ્યા માટે :–** જે ઉમેદવારો લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થાય, તે ઉમેદવારોએ અમદાવાદ ખાતે **૫૦ ગુણનો અહેવાલ લેખન/પત્રવ્યવહારનો પ્રાયોગિક/કૌશલ્ય કસોટી** આપવાની રહેશે.

(૩) જે ઉમેદવારો પ્રાયોગિક / કૌશલ્ય કસોટીમાં **ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ** મેળવશે, તે ઉમેદવારોને જ મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે.

(૪) **પટાવાળાની જગ્યા માટે :** ઉમેદવારે ફકત લેખિત તથા મૌખિક કસોટી જ આપવાની હોઈ, પટાવાળાની જગ્યા માટે કોઈ પ્રાયોગિક/કૌશલ્ય કસોટી લેવામાં આવશે નહી.

(ગ) **મૌખિક કસોટી :**

(૧) **ગુજરાત હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવે તે સ્થળે અમદાવાદ ખાતે** મૌખિક કસોટી આયોજીત કરવામાં આવશે.

(૨) **મૌખિક કસોટીનો હેતુ** ઉમેદવારની માનસિક સતર્કતા, વિષયલક્ષી જ્ઞાન, સામાન્ય જ્ઞાન, રોજબરોજની ઘટનાઓની વાકેફતા, સ્પષ્ટ અને તાર્કિક શકિત, કૌશલ્ય, નૈતિક મૂલ્યો, ગ્રહણશકિત, વાતચીતની ક્ષમતા, ચારીત્ર્ય અને વિશ્લેષણ ક્ષમતાની ચકાસણી કરવાનો છે.

(૩) ડ્રાઈવર, બેલીફ અને પટાવાળા—ત્રણેયમાંથી જે લાગુ પડતું હોય તે અંગેની મૌખિક કસોટીમાં **૪૦ ટકા કે તેથી વધુ ગુણ** મેળવનાર ઉમેદવારોનો જ નિમણૂંક માટેની પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

૯. **પસંદગીની યાદી :**

(૧) ડ્રાઈવર અને બેલીફની જગ્યા માટે **સ્પર્ધાત્મક પરીક્ષા, પ્રાયોગિક/કૌશલ્ય કસોટી અને મૌખિક કસોટીમાં મેળવેલ એકત્રિત ગુણના આધારે અંતિમ મેરીટ યાદી** તૈયાર કરવામાં આવશે. જયારે પટાવાળાની જગ્યા માટે આવી યાદી ઉમેદવારે **સ્પર્ધાત્મક પરીક્ષા અને મૌખિક કસોટીમાં મેળવેલ એકત્રિત ગુણના આધારે** તૈયાર કરવામાં આવશે.

(૨) હાઈકોર્ટ દ્વારા જે તે સંબંધિત સંવર્ગ માટે મેરીટના આધારે **પસંદગી યાદી** તૈયાર કરવામાં આવશે. જો ન્યુનત્તમ ગુણ મેળવનાર સક્ષમ અને યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થશે, તો જે તે વર્ષ માટે નકકી કરેલ જગ્યાના પ્રમાણમાં ઉમેદવારોની પસંદગી કરી, પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે. હાઈકોર્ટ દ્વારા મૂળ પસંદગી યાદીમાં સમાવિષ્ટ કુલ ઉત્તિર્ણ ઉમેદવારોની સંખ્યાના **વધુમાં વધુ ૨૦ ટકા** જેટલી સંખ્યામાં અલગથી એક **પ્રતિક્ષા યાદી** પણ તૈયાર કરવામાં આવશે. જેનો ઉપયોગ મૂળ પસંદગી યાદીના લાગું પડતા સમયગાળા દરમ્યાનમાં ઉદ્દભવતા આકસ્મિક સંજોગોને કારણે ખાલી પડનાર જગ્યાઓ સામે નિમણૂંક આપવાનો રહેશે.

(૩) **પસંદગી યાદી હાઈકોર્ટની વેબસાઈટ ઉપર** મૂકવામાં આવશે અથવા હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવે તેવા અન્ય કોઈ માધ્યમથી જાહેર કરવામાં આવશે.

(૪) **પસંદગીની યાદી** રજૂ/પ્રકાશીત થયાથી **૨ વર્ષ** અથવા તો **કોઈ નવી પસંદગી યાદી રજૂ/પ્રકાશીત કરવામાં આવે તે સમય, આ બંનેમાંથી જે વહેલા હશે/થશે ત્યાં સુધી જ અમલમાં** રહેશે. આમ છતાં, જો જે તે વર્ષમાં ખાલી જગ્યાની સંખ્યા, પસંદગી યાદીમાં બાકી રહેલ ઉમેદવારોની સંખ્યા કરતાં ઓછી હશે, તો પસંદગી યાદીની મુદત **વધુ એક વર્ષ માટે** લંબાવી શકાશે, કે જેથી પસંદગી યાદીમાંથી જ જે તે નિમણૂંક આપી શકાય.

(૫) જે ઉમેદવારનો પસંદગીની યાદીમાં સમાવેશ થાય છે તેવા ઉમેદવારોને મેરીટ તેમજ ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ **પસંદગીના જીલ્લાને** ધ્યાને રાખી નિમણૂંક આપવામાં આવશે.

(૬) જે તે જીલ્લામાં ઉપલબ્ધ જગ્યાઓ મુજબ નિમણૂંક માટે તૈયાર કરવામાં આવેલ **જીલ્લાવાર ઉમેદવારોની યાદી,** જે તે જીલ્લા/અદાલતના સંકળાયેલ પ્રિન્સિપલ જ્યુડીશીયલ ઓફિસરને મોકલવામાં આવશે. આવી યાદી શકય હશે ત્યાં સુધી મેરીટ અને ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ જીલ્લાઓની પસંદગીને ધ્યાને લઈ, તૈયાર કરવામાં આવશે. મેરીટમાં ઉમેદવારના ક્રમના કારણે અથવા અન્ય કોઈ કારણોસર, જો ઉમેદવારને તેની પસંદગીના જીલ્લામાં નિમણૂંક આપવી શકય નહી હોય, તો તેના પસંદગીના જીલ્લા સિવાયના અન્ય કોઈ જીલ્લામાં નિમણૂંક આપવામાં આવશે.

> **" જો ઉમેદવાર મેરીટ લીસ્ટમાં નિમ્ન ક્રમે સ્થાન ધરાવતો હશે, અને તે ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ પસંદગીના જીલ્લામાં મેરીટ લીસ્ટમાં અગ્રિમ સ્થાન ધરાવતા ઉમેદવારોને નિમણૂંક આપવામાં આવેલ હશે, તો તેવા ઉમેદવારને તેને આપેલ પસંદગીના ત્રણ જીલ્લા પૈકીના કોઈ જીલ્લાની નજીકના જીલ્લામાં નિમણૂંક આપવામાં આવશે."**

(૭) સમિતિની ભલામણ / સૂચનાનુસાર, જે તે જીલ્લાના પ્રિન્સિપલ જ્યુડીશીયલ ઓફિસર દ્વારા સંબંધિત ઉમેદવારને **નિમણૂંક પત્ર** આપવામાં આવશે.

(૮) જો ઉમેદવાર આપવામાં આવેલ નિમણૂંક નિયત શરતો આધીન / નિયમોનુસાર સ્વિકારવામાં નિષ્ફળ જશે, તો ઉમેદવાર નિમણૂંકનો હકક ગુમાવશે, અને ભવિષ્યમાં પણ પસંદગી યાદીને આધારે નિમણૂંક આપવા અંગેની વિચારણા કરવામાં આવશે નહીં.

**૧૦. સામાન્ય સૂચનાઓ :**

(૧) પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ દ્વારા **અગાઉ આ જ જગ્યાઓ/સંવર્ગ માટે પ્રકાશીત કરવામાં આવેલ જાહેરાતના સંદર્ભમાં જે ઉમેદવારોએ અગાઉ અરજી કરેલ** છે અને જેની પ્રક્રિયા અંતિમ તબકકે પહોંચેલ નથી, તેવી તમામ અરજીઓને રદ કરવામાં આવે છે અને તેવા ઉમેદવારો જે તાજેતરમાં પ્રકાશીત જાહેરાતની શરતો / ધારાધોરણો / લાયકાતની પરિપૂર્ણતા કરતા હશે, તેવા ઉમેદવારોએ **નવેસરથી અરજી કરવાની રહેશે.**

(૨) ઉમેદવારે પ્રત્યેક જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને દરેક જગ્યા માટે અલગથી નિયત કરેલ ફી નિયત નમૂનાના કેશ–વાઉચરમાં ભરવાની રહેશે.

(૩) જો ઉમેદવારને ઓન–લાઈન એપ્લીકેશન કરવા માટે કોઈ પણ પ્રકારની મદદની જરૂરીયાત જણાય, તો જરૂરીયાત અનુસાર જીલ્લા અને તાલુકા કક્ષાની અદાલતોની રજીસ્ટ્રીમાં ઉભા કરવામાં આવેલ **સુવિધા કેન્દ્ર (ફેસીલીટેશન સેન્ટર) / બૂથ** ઉપરથી મદદ મેળવી શકાશે. તેમ છતાં, જો કઈ મુશ્કેલી સર્જાશે તો, તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહી. (સુવિધા કેન્દ્ર/ફેસીલીટેશન સેન્ટર તરફથી મદદ માટેના હેલ્પ લાઈન નંબર માટે આ સાથે **પાના નં. ૧૮** ઉપર સામેલ **'એનેક્ષર–'બી'** જુઓ)

(૪) ઉમેદવારે નિમણૂંકના હેતુસર પોતાની પસંદગીના ત્રણ જીલ્લાની પસંદગી ક્રમાનુસાર/અગ્રતાના ધોરણે આપવાની રહેશે, જયારે નિમણૂંકના હેતુસર **ચોથા જીલ્લાની પસંદગી** જે તે સંવર્ગમાં ઉપલબ્ધ જગ્યાઓને ધ્યાને લઈ, મેરીટ લીસ્ટને આધારે ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવશે.

(૫) તે ઉમેદવારોએ યોગ્ય પધ્ધતિ અનુસાર સફળતાપૂર્વક ઓનલાઈન અરજીઓ કરેલ હશે, તે ઉમેદવારો પૈકી લાયકાત ધરાવતા **યોગ્ય ઉમેદવારોની** અરજીઓ ધ્યાને લઈ, તેઓના **નામની યાદી** હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની જાણ કરવાના હેતુસર ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

(૬) જાહેરાતમાં જણાવ્યા મુજબની જગ્યાઓ સામે, જો **ખૂબ જ વધારે સંખ્યામાં અરજીઓ** મળશે, તો અમલમાં મૂકી શકાય તેવા કાયદેસરના માપદંડોનો આધાર લઈ, **અરજીઓની સંખ્યા મર્યાદિત** કરવાનો હાઈકોર્ટનો નિર્ણય દરેક ઉમેદવારને બંધનકર્તા અને આખરી રહેશે.

(૭) **ઉમેદવારની યોગ્યતા અંગે**નો તેમજ હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા અને/અથવા પ્રાયોગિક કસોટી (પ્રેકટીકલ ટેસ્ટ) અને/અથવા મૌખિક કસોટીમાં પ્રવેશ આપવા અંગેનો હાઈકોર્ટનો નિર્ણય આખરી ગણાશે. જે ઉમેદવારને ભરતી સત્તામંડળ દ્વારા કોલ લેટર / પ્રવેશપત્ર મોકલવામાં આવેલ ન હોય, તેવા ઉમેદવારોને પરીક્ષા માટે પ્રવેશ આપવામાં આવશે નહીં.

(૮) હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવે તે સ્થળે અને સમયે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા, પ્રાયોગિક/ કૌશલ્ય કસોટી અને મૌખિક કસોટી માટે હાજર રહેવા, જે તે ઉમેદવારે **સ્વખર્ચે આવવા–જવાનું રહેશે.**

(૯) જયારે ગુજરાત રાજય સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ **અશકતતા અંગેનું પ્રમાણપત્ર** રજૂ કરવાનું થાય ત્યારે જે **અશકત વ્યકિત**એ પ્રમાણપત્ર **રજૂ** કરેલ હશે, તે જ અશકત વ્યકિતઓને ઉપલી વય મર્યાદામાં છૂટછાટ, ફીમાં રાહત તેમજ અનામતનો લાભ આપવામાં આવશે. જે તે જગ્યા માટે ઉમેદવારની યોગ્યતા અંગેનો હાઈકોર્ટનો નિર્ણય આખરી ગણાશે.

(૧૦) **માજી સૈનિકના કિસ્સામાં,** જયારે પ્રમાણપત્ર કે ઓળખકાર્ડ રજૂ કરવાનું જણાવવામાં આવે, ત્યારે જે તે ઉમેદવાર દ્વારા પ્રમાણપત્ર કે ઓળખકાર્ડ રજૂ કર્યા બાદ જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

(૧૧) ઉમેદવારે ઓનલાઈન અરજીના નંબર, કન્ફર્મેશન નંબર અને જન્મતારીખના આધારે ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ પરથી જે તે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા/ પ્રાયોગિક કસોટી / કૌશલ્ય કસોટી/ મૌખિક કસોટી માટેનો **પ્રવેશપત્ર/કોલ લેટર ડાઉનલોડ** કરવાનો રહેશે.

(૧૨) ઉમેદવારે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા/ પ્રાયોગિક કસોટી / કૌશલ્ય કસોટી/ મૌખિક કસોટી વખતે **પ્રવેશપત્ર/કોલલેટર** સાથે **નીચે પૈકી કોઈપણ એક ઓરીજીનલ ઓળખકાર્ડ** લઈને આવવાનું રહેશેઃ

- ચૂંટણી કમિશનર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ચૂંટણી કાર્ડ
- પાન કાર્ડ
- ડ્રાઈવીંગ લાયસન્સ
- સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ઓળખકાર્ડ

(૧૩) જો કોઈ ઉમેદવાર પરીક્ષાના સમયગાળા દરમ્યાન કોઈ **ગેરવાજબી પ્રવૃત્તિ** જેવી કે ચોરી કરવી કે ગેરવર્તણ કરવું કે યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઈલનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર સાથે ચેડા કરવા કે જે તે પરીક્ષા સાથે સંબંધિત હોય તેવી કોઈ પણ વ્યકિતની મદદ લેવી કે અન્ય કોઈ અનઅધિકૃત પ્રવૃત્તિ કરતા જણાશે, તો તે ઉમેદવારને જે તે તબકકે જ અથવા ચોકકસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે–જે પૈકી ઉચ્ચ ન્યાયાલય જે નકકી કરે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.

(૧૪) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા, પ્રાયોગિક/કૌશલ્ય કસોટી અને મૌખિક કસોટી માટે યોગ્યતા ધરાવતા **ઉમેદવારોની યાદી** જે તે તબકકે **હાઈકોર્ટની વેબસાઈટ ઉપર** મૂકવામાં આવશે અથવા હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવે તેવા અન્ય કોઈ માધ્યમથી જાહેર કરવામાં આવશે.

(૧૫) ઉમેદવાર પરીક્ષામાં **સફળ થવા માત્રથી જ નિમણૂંક મેળવવા હકકદાર બનશે નહીં.**

(૧૬) ઉત્તિર્ણ થયેલ ઉમેદવારોની યાદી **હાઈકોર્ટની વેબસાઈટ ઉપર** મૂકવામાં આવશે અથવા હાઈકોર્ટ દ્વારા નકકી કરવામાં આવે તેવા અન્ય કોઈ માધ્યમથી જાહેર કરવામાં આવશે.

(૧૭) **પ્રારંભિક તબકકે,** ઉમેદવારે અરજી વખતે **કોઈપણ પ્રકારના પ્રમાણપત્રો** વિગેરે **મોકલવાના નથી.**

(૧૮) જયારે હાઈકોર્ટ દ્વારા મૌખિક કસોટીનું આયોજન કરવામાં આવે ત્યારે નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી **ઓનલાઈન અરજીની પ્રિન્ટ આઉટ** સાથે નીચે જણાવ્યા મુજબના **જરૂરી અસલ પ્રમાણપત્રો** તથા તે તમામ પ્રમાણપત્રોનો પ્રમાણિત કરેલ નકલોનો એક સેટ ખરાઈ કરવાની હેતુસર રજૂ કરવાનો રહેશે.

(ક) તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો **ફોટો**

(ખ) શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ **જન્મ અંગેનું પ્રમાણપત્ર**

(ગ) પ્રાથમિક શાળા તરફથી આપવામાં આવેલ જે તે જરૂરી શૈક્ષણિક લાયકાત અંગેનું ગુણપત્રક

(ઘ) જે જગ્યા (ડ્રાઈવર/બેલીફ) માટે કોમ્પ્યુટરની જાણકારી જરૂરી હોય તેવા કિસ્સામાં કોમ્પ્યુટરના પાયાના જ્ઞાન અંગેનું પ્રમાણપત્ર.

(ચ) **અનુ.જાતિ/અનુ.જનજાતિ/સા અને શૈ.પ.વર્ગ વિગેરે** અનામત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં જાતિ/કક્ષા દર્શાવતું પ્રમાણપત્ર તથા ખાસ કરીને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (સા. અને શૈ.પ.વર્ગ)ના ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત રાજયના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ **નોન–ક્રિમીલેયર અંગેનું ચાલુ વર્ષનું પ્રમાણપત્ર**.

(છ) **નામ/જ્ઞાતિ વિગેરેમાં ફેરફાર** દર્શાવતું સરકારી રાજયપત્ર (ગેઝેટ) (જો નામ/જ્ઞાતિમાં ફેરફાર કરાવેલ હોય તો)

(જ) **શારીરિક અશકત વ્યકિતના કિસ્સામાં** (અ) લોકોમોટોર ડીસએબીલીટી ૪૦ %થી ઓછી નહી હોવા અંગેનું સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર (બ) ફરજ બજાવવા માટે સક્ષમ હોવા અંગેનો અભિપ્રાય આપતું સ્ટેન્ડીંગ મેડીકલ બોર્ડ, અમદાવાદ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર.

(ઝ) રાજય સરકારના કોઈ ખાતામાં કામ કરતા કર્મચારીના કિસ્સામાં **ના–વાંધા પ્રમાણપત્ર.**

(ટ) નીચે પૈકીનામાંથી કોઈ પણ એક **ઓરીજીનલ ઓળખપત્ર :**
લાયસન્સ/પાનકાર્ડ/ચૂંટણીકાર્ડ/પાસપોર્ટ

(૧૯) ઓનલાઈન અરજી કરતી વખતે એ બાબતનો ખ્યાલ રાખવાનો રહેશે કે ઉમેદવાર ઉપર દર્શાવ્યા મુજબની યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતા હોવા જોઈએ અને ઉમેદવાર દ્વારા **પૂરી પાડવામાં આવેલી વિગતો** સંપૂર્ણ **સાચી** હોવી જોઈએ. જો કોઈ ઉમેદવાર જે તે જગ્યા માટે નિયત થયેલ યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતો નહી હોય અથવા કોઈ ઉમેદવારે **મહત્વની હકીકતો પૂરતી આપેલ નહી હોય** અથવા **ગૂંચવણભરી** આપેલ હોય અથવા **છૂપાવેલ** હશે, તો તેવા કિસ્સામાં જે તે ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે. જો નિમણૂંક પછી પણ આ પ્રકારની ખામી/ત્રૂટીઓ ધ્યાન ઉપર આવશે, તો તે/તેણીની સેવાઓનો અંત લાવવા માટે કાયદેસર જવાબદાર ગણાશે.

(૨૦) ભવિષ્યમાં પત્રવ્યવહાર કરવા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષા, પ્રાયોગિક/ કૌશલ્ય કસોટી અને મૌખિક કસોટી માટેના કોલ લેટર / પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાના હેતુસર ઉમેદવારે **એપ્લીકેશન નંબર** અને **કન્ફર્મેશન નંબર** સાચવી રાખવાના રહેશે.

(૨૧) ઉમેદવારે ઓનલાઈન એપ્લીકેશનમાં યોગ્ય જગ્યાએ **૫ સે.મી. ઉંચાઈ** અને **૩.૬ સે.મી. પહોળાઈ** ધરાવતો **૧૦ કે.બી. સાઈઝનો** પાસપોર્ટ સાઈઝનો જે.પી.જી. ફોર્મેટમાં સ્કેન કરેલ **ફોટોગ્રાફ** તથા **૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ** ધરાવતી **૧૦ કે.બી. સાઈઝની** જે.પી.જી. ફોર્મેટમાં સ્કેન કરેલ **સહી** ઓનલાઈન અરજી દરમ્યાન જે તે જગ્યાએ મૂકવાની (અપલોડ કરવાની) રહેશે.

(૨૨) ઉમેદવારે ઓનલાઈન અરજી ૩૦ **મિનિટમાં** કરવાની રહેશે. (ઓનલાઈન એપ્લીકેશનના પ્રથમ બોક્ષમાં માહિતી ભરવાનું શરૂ કર્યા બાદ તુરત જ ૩૦ મિનિટની સમયમર્યાદા શરૂ થશે.).

(૨૩) ઉમેદવારે સૂચનાનુસાર અરજીમાં જરૂરી વિગતો ભરવાની રહેશે. સૂચનાનુસાર નહી કરેલ અરજી સ્વિકારવામાં આવશે નહી.

**આ ભરતીને સંબંધિત કોઈપણ બાબતે હાઈકોર્ટનો નિર્ણય આખરી અને તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.**

**નોંધ : નિમણૂક કે પરિણામ સંબંધે અન્ય કોઈ પ્રકારની જાહેરાતો / પ્રલોભનો / રજુઆતો ધ્યાને ન લેવી.**

હાઈકોર્ટ ઓફ ગુજરાત
સોલા, અમદાવાદ.

Sd/-
(પી.આર.પટેલ)
રજીસ્ટ્રાર (રીક્રુટમેન્ટ એન્ડ ફાયનાન્સ)

તારીખઃ ૨૬ જુલાઈ, ૨૦૧૨.

# એનેક્ષર : એ

## ગુજરાત રાજયના જુદા જુદા જીલ્લાની નીચલી અદાલતોમાં ભરવાની થતી ખાલી જગ્યાઓ દર્શાવતું પત્રક

AS ON 30/06/2012

| Sr. No. | Name of District | DRIVER | | | | | | BAILIFF | | | | | | PEON | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen | SC | ST | SEBC | PH | Total | Gen | SC | ST | SEBC | PH | Total | Gen | SC | ST | SEBC | PH | Total |
| 1 | **Ahmedabad** | | | | | | | | | | | | | | | | | | |
| | City Civil & Sessions Court | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 1 | 0 | 0 | 0 | 0 | **1** | 17 | 0 | 7 | 13 | 1 | **38** |
| | Family Court | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 0 | 0 | 0 | 0 | 0 | **0** |
| | Ahmedabad (Rural) at Mirzapur | 0 | 0 | 1 | 0 | 0 | **1** | 17 | 0 | 6 | 2 | 1 | **26** | 22 | 0 | 12 | 5 | 3 | **42** |
| | Small Causes Court | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 2 | 0 | 0 | 7 | 1 | **10** | 4 | 0 | 2 | 4 | 0 | **10** |
| | Metropolitan Magistrates' Court | 1 | 0 | 0 | 0 | 0 | **1** | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 0 | 0 | 0 | 0 | 0 | **0** |
| 2 | Amreli | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 7 | 0 | 0 | 2 | 0 | **9** | 21 | 2 | 5 | 10 | 1 | **39** |
| 3 | Anand | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 3 | 0 | 0 | 1 | 0 | **4** | 19 | 2 | 4 | 8 | 1 | **34** |
| 4 | Banaskantha | 2 | 0 | 0 | 0 | 0 | **2** | 8 | 1 | 2 | 4 | 0 | **15** | 26 | 1 | 6 | 13 | 1 | **47** |
| 5 | Bharuch | 1 | 0 | 0 | 0 | 0 | **1** | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 9 | 0 | 0 | 0 | 0 | **9** |
| 6 | Bhavnagar | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 4 | 0 | 0 | 0 | 0 | **4** | 5 | 1 | 1 | 3 | 0 | **10** |
| 7 | Dahod | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 8 | 1 | 3 | 6 | 1 | **19** | 2 | 0 | 1 | 1 | 0 | **4** |
| 8 | Gandhinagar | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 3 | 0 | 0 | 1 | 0 | **4** | 16 | 2 | 6 | 0 | 0 | **24** |
| 9 | Jamnagar | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 16 | 1 | 3 | 5 | 0 | **25** | 19 | 2 | 4 | 8 | 1 | **34** |
| 10 | Junagadh | 3 | 0 | 0 | 0 | 0 | **3** | 5 | 0 | 0 | 1 | 0 | **6** | 35 | 0 | 0 | 0 | 0 | **35** |
| | Family Court, Junagadh | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 0 | | 0 | 0 | 0 | **0** |
| 11 | Kachchh | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 1 | 0 | 0 | 0 | 0 | **1** | 0 | 0 | 0 | 0 | 0 | **0** |
| 12 | Kheda | 2 | 1 | 1 | 1 | 0 | **5** | 8 | 1 | 2 | 3 | 0 | **14** | 2 | 0 | 0 | 0 | 0 | **2** |
| 13 | Mahesana | 1 | 1 | 0 | 1 | 0 | **3** | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 9 | 1 | 1 | 1 | 0 | **12** |
| 14 | Narmada | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 7 | 1 | 0 | 5 | 0 | **13** | 11 | 2 | 2 | 5 | 0 | **20** |
| 15 | Navsari | 0 | 0 | 0 | 1 | 0 | **1** | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 1 | 0 | 0 | 0 | 0 | **1** |

| Sr. No. | Name of District | DRIVER | | | | | | BAILIFF | | | | | | PEON | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen | SC | ST | SEBC | PH | Total | Gen | SC | ST | SEBC | PH | Total | Gen | SC | ST | SEBC | PH | Total |
| 16 | Panchmahals | 1 | 0 | 0 | 1 | 0 | **2** | 1 | 0 | 0 | 1 | 0 | **2** | 21 | 3 | 8 | 13 | 1 | **46** |
| | Family Court, PM at Godhra | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 1 | 0 | 0 | 0 | 0 | **1** | 0 | | 0 | 0 | 0 | **0** |
| 17 | Patan | 3 | 0 | 0 | 1 | 0 | **4** | 5 | 0 | 0 | 1 | 0 | **6** | 19 | 2 | 5 | 8 | 1 | **35** |
| 18 | Porbandar | 2 | 0 | 0 | 0 | 0 | **2** | 5 | 1 | 0 | 0 | 0 | **6** | 17 | 2 | 4 | 7 | 0 | **30** |
| 19 | Rajkot | 1 | 0 | 0 | 0 | 0 | **1** | 0 | 0 | 2 | 0 | 0 | **2** | 12 | 0 | 7 | 3 | 2 | **24** |
| | Family Court, Rajkot | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 2 | 0 | 0 | 0 | 0 | **2** | 3 | 0 | 0 | 0 | 0 | **3** |
| 20 | Sabarkantha | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 6 | 0 | 0 | 1 | 0 | **7** | 2 | 0 | 2 | 0 | 0 | **4** |
| 21 | Surat | 2 | 0 | 0 | 0 | 0 | **2** | 9 | 2 | 2 | 2 | 0 | **15** | 29 | 2 | 3 | 3 | 0 | **37** |
| | Family Court, Surat | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 1 | 0 | 0 | 0 | 0 | **1** |
| 22 | Surendranagar | 1 | 0 | 0 | 0 | 0 | **1** | 6 | 0 | 0 | 1 | 0 | **7** | 18 | 1 | 3 | 7 | 0 | **29** |
| 23 | Tapi | 2 | 0 | 0 | 0 | 0 | **2** | 12 | 1 | 2 | 5 | 0 | **20** | 16 | 2 | 4 | 8 | 1 | **31** |
| 24 | Vadodara | 2 | 0 | 0 | 0 | 0 | **2** | 4 | 0 | 1 | 2 | 0 | **7** | 23 | 3 | 7 | 12 | 2 | **47** |
| | Family Court, Vadodara | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 0 | 0 | 0 | 0 | 0 | **0** | 0 | 0 | 0 | 0 | 0 | **0** |
| 25 | Valsad | 3 | 0 | 0 | 0 | 0 | **3** | 2 | 0 | 1 | 0 | 0 | **3** | 9 | 0 | 0 | 0 | 0 | **9** |
| **TOTAL** | | **27** | **2** | **2** | **5** | **0** | **36** | **143** | **9** | **24** | **50** | **3** | **229** | **388** | **28** | **94** | **132** | **15** | **657** |

## <u>એનેક્ષર : બી</u>

## <u>સુવિધા કેન્દ્રો (ફેસીલીટેશન સેન્ટર)/ સુવિધા બૂથના સંપર્ક નંબરની યાદી</u>

***ગુજરાત રાજ્યની નીચલી અદાલતોમાં ડ્રાઈવર, બેલીફ અને પટાવાળાની ભરતી માટેની ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારને અનુભવવી પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે જરૂરી મદદ પુરી પાડવાના હેતુસર ગુજરાત રાજ્યની જુદીજુદી અદાલતોમાં મૂકવામાં આવનાર સુવિધા કેન્દ્રો (ફેસીલીટેશન સેન્ટર)/ સુવિધા બૂથના સંપર્ક નંબરની યાદી :***

| અ.નં. | જીલ્લાદીઠ અદાલતનું નામ | સંપર્ક નંબર | નિમણૂંક કરેલ કર્મચારીશ્રીનું નામ |
|---|---|---|---|
| 1. | District Court, Ahmedabad (Rural), at Ahmedabad | 79-25626501 | Mr.N.S.Agja, Mr.R.D.Shah and Mr.A.J.Chauhan |
| 2. | The Principal Judge, City Civil and Sessions Court, Ahmedabad.<br>The Chief Judge, Small Cause Court, Ahmedabad.<br>The Chief Metropolitan Magistrate, Ahmedabad. | 079-25509910<br>079-25500010<br>079-25502790 | Mr.M.F.Shaikh and Mr.Y.H.Mehta<br>---<br>Mr.A.K.Pathak, Mr.B.J.Shah and Mr.Ankit Patel |
| 3. | District Court, Amreli | 02792-229566 | Mr.V.D.Gohil |
| 4. | District Court, Anand<br>Civil Court, Borsad<br>Civil Court, Petlad<br>Civil Court, Khambhat<br>Civil Court, Umreth | 02692-238804<br>02696-220853<br>02697-224222<br>02698-220252<br>02692-277374 | Mr.Lovekumar Langhani Mr.B.J.Soni<br>Mr.B.M.Parmar and Mr.A.K.Vaghela<br>Mr.S.Y.Mermulla and Mr.B.B.Rathod<br>Mr.S.R.Kachhiya and Mr.M.G.Mirza<br>Mr.H.N.Dave and Mr.Y.A.Harwani |
| 5. | District Court, Banaskantha at Palanpur | 02742-252182 | Mr.Dhaval M. Modi |
| 6. | District Court, Bharuch | 02642-242674 | Mr.S.V.Vimawala and Mr.A.M.Jadav |
| 7. | District Court, Bhavnagar | 0278-2520212 | Ms. Hetal Bhatt, Mr.K.H.Raval and Mr.D.B.Oza |
| 8. | District Court, Dahod | 02673-239315 | -- |
| 9. | District Court, Gandhinagar<br>Taluka Court, Kalol<br>Taluka Court, Mansa<br>Taluka Court, Dehgam | 079-23225914<br>02764-223936<br>02763-270317<br>02716-232109 | -- |
| 10. | District Court, Jamnagar<br>Principal Senior Civil Court<br>Principal Civil Judge, Dwarka<br>Principal Civil Judge, Kalyanpur<br>Principal Civil Judge, Bhanvad<br>Principal Civil Judge, Dhrol<br>Principal Civil Judge, Jamjodhpur<br>Principal Civil Judge, Jodia<br>Principal Civil Judge, Kalavad<br>Principal Civil Judge, Lalpur | 0288-2673820<br>08833-234177<br>02892-234231<br>02891-286068<br>02896-232325<br>02897-222218<br>02898-221149<br>02893-222093<br>02894-222289<br>02895-272732 | -- |
| 11. | District Court, Junagadh | 0285-2650458 | Mr.J.H.Jikariya |

| | | | |
|---|---|---|---|
| 12. | District Court, Kachchh at Bhuj<br><br>Anjar<br>Gandhidham<br>Bhachau<br>Rahpar<br>Mandvi<br>Mundra<br>Nakhatrana<br>Naliya | 02832-251360<br>02832-250090<br>02836-242980<br>02836-280223<br>02837-224054<br>02830-220120<br>02834-222654<br>02838-224222<br>02835-222332<br>02831-222211 | -- |
| 13. | District Court, Kheda at Nadiad<br>Civil Court, Matar<br>Civil Court, Kheda<br>Civil Court, Mahemdavad<br>Civil Court, Kapadwanj<br>Civil Court, Balasinor<br>Civil Court, Dakor<br>Civil Court, Thasra<br>Civil Court, Mahudha<br>Civil Court, Kathlal | 0268-2563240<br>02694-285704<br>02694-222142<br>02694-245300<br>02691-232574<br>02690-266503<br>02699-244366<br>02699-222266<br>0268-2572233<br>02691-243062 | -- |
| 14. | District Court, Mahesana | 02762-220348 | Mr.M.K.Mehta and<br>Mr.B.T.Acharya |
| 15. | District Court, Narmada at Rajpipla<br>Principal Civil Court, Dediapada<br>Principal Civil Court, Sagbara | 02640-220513<br>02649-234004<br>02649-255250 | Mr.A.D.Baluchi<br>Mr.J.S.Vasava<br>Mr.D.J.Dohil |
| 16. | District Court, Navsari<br>Civil Court, Gandevi<br>Civil Court, Chikhli<br>Civil Court, Vansda<br>Civil Court, Ahwa | 02637-255680<br>02634-262706<br>02634-232301<br>02630-223774<br>02631-220092 | Mr.R.B.Champavat<br>Mr.P.M.Bhide<br>Mr.K.M.Patel<br>Mr.N.D.Ahir<br>Mr.M.J.Bharucha |
| 17. | District Court, Panchmahals at Godhra | 02672-241555 | Mr.Hemant Pranami |
| 18. | District Court, Patan<br><br><br><br>Principal Civil Court, Sidhpur<br>Principal Civil Court, Chanasma<br>Principal Civil Court, Harij<br>Principal Civil Court, Sami<br>Principal Civil Court, Radhanpur | 02766-225499<br>02766-226820<br>02766-226821<br>02766-230818<br>02767-222300<br>02734-222186<br>02733-222142<br>02733-244408<br>02746-277302 | Mr.N.B.Patel and<br>Mr.S.M.Suthar<br><br><br>Mr.Hitesh H. Prajapati<br>Mr.H.A.Raval<br>Mr.K.K.Thakor<br>Ms.C.K.Nai<br>Mr.S.I.Prajapati |
| 19. | District Court, Porbandar | 0286-2222123 | Mr.Pratik N. Oza and<br>Mr.Sanjay Jungi |
| 20. | District Court, Rajkot | 0281-2233375 | -- |
| 21. | District Court, Sabarkantha at Himatnagar<br>Senior Civil Court, Himatnagar<br>Principal Senior Civil Court, Modasa<br>Principal Senior Civil Court, Idar<br>Principal Civil Court, Prantij<br>Principal Civil Court, Talod<br>Principal Civil Court, Meghraj<br>Principal Civil Court, Khedbrahma<br>Principal Civil Court, Bayad<br>Principal Civil Court, Vijaynagar | 02772-241503<br>02772-240737<br>02774-246556<br>02778-250685<br>02770-230570<br>02770-221000<br>02773-244201<br>02775-220011<br>02779-220253<br>02775-254195 | -- |

| | | | |
|---|---|---|---|
| | Principal Civil Court, Bhiloda<br>Principal Civil Court, Vadali<br>Principal Civil Court, Malpur<br>Principal Civil Court,Dhansura | 02771-234102<br>02778-222202<br>02772-223261<br>02774-224125 | |
| 22. | District Court, Surat | 0261-2651809<br>0261-2651811<br>0261-2651806<br>0261-2651805<br>0261-2651804<br>0261-2651802<br>Ext.No.(General)-58<br>(FTC)-46 | Mr.Dipak M.Garachh |
| 23. | District Court, Surendranagar | 02752-284035 | -- |
| 24. | District Court, Tapi at Vyara | 02626-220385 | Mr.Y.L.Sonar |
| 25. | District Court, Vadodara | 0265-2424090 | -- |
| 26. | District Court, Valsad<br>Principal Senior Civil Judge, Valsad<br>Court of Chief Judicial Magistrate, Valsad<br>Principal Civil Judge, Dharampur<br>Principal Civil Judge, Kaparada<br>Principal Civil Judge, Pardi<br>Principal Civil Jduge, Vapi<br>Principal Civil Judge, Umbergaon | 02632-249262<br>02632-248945<br>02632-249027<br>02633-242101<br>02633-220040<br>0260-2373539<br>0260-2401616<br>0260-2562033 | Mr.K.N.Champaneri and<br>Mr.Rajesh K.Desai<br>Mr.T.K.Pujani and<br>Mr.H.N.Shaikh<br>Mrs.M.V.Patel and<br>Mr.R.M.Gamit<br>Miss A.N.Harkaniya and<br>Miss R.R.Mahla<br>Mr.V.S.Patel and<br>Mr.R.D.Chaudhary<br>Miss Varsha M.Ahire and<br>Mr.Harish M. Solanki<br>Kum Tanuja N. Patel and<br>Mr.P.C.Chaudhry<br>Mr.G.K.Joshi and<br>Mr.P.D.Dhimmar |

# એનેક્ષર : સી

## પોસ્ટ ઓફિસ ખાતાના નોડલ ઓફિસરશ્રીઓની યાદી

| District For | Name | Designation | Phone No. | Mobile No. |
|---|---|---|---|---|
| Ahmedabad | Shri V M Vahora | Assistant Superintendent (Inv.) | 079-25502653 | 9825978655 |
| Ahd. City | Shri H M Patel | Assistant Superintendent of Post | 079-27541710 | 9979226640 |
| Ahmedabad Rural & Gandhinagar | Smt. Manjulaben A Patel | Assistant Superintendent of Post | 23248943 | 9825816117 |
| Sabarkantha | Shri S. M. Suthar | Assistant Superintendent of Post | 02772-241590 | 9427455926 |
| Banaskantha | Shri P R B V Kannan | IPO PG,Banaskantha Dn. | 02742-253794, 253717 | 9724559980 |
| Patan | Shri M. P. Parmar | Assistant Superintendent of Post | 02766-230254 | 9712979961 |
| Mehsana | Shri H C Parmar | Assistant Superintendent of Post | 02762-223366 | 9925953228 |
| Anand | Shri D.B. Vasdani | Assistant Superintendent of Post | 02692-244902/240800 | 9429190447 |
| Tapi & Surat Rural | Shri A V Parghi | Assistant Superintendent of Post | 02622-220562 | |
| Bharuch & Narmada | Shri A K Pandye | Assistant Superintendent of Post | 02642-243443 | |
| Panchmahal & Dahod | Shri Y V PATEL | Assistant Superintendent of Post | 02672-254731 | |
| Kheda & Nadiad | Shri R.L. Sangada | Assistant Superintendent of Post | 0268-2551284 | 9427595922 |
| Navsari | Shri B.M. Gangwal | Assistant Superintendent of Post | 02637-258779 | 9429190487 |
| Surat | Shri Arvindkumar | Assistant Superintendent of Post | 0261-2463618 | 9429198085 |
| Vadodara | Shri B.P. Modi | Assistant Superintendent of Post | 0265-2423945 | 9429190454 |
| Vadodara | Shri J.M. Rathwa | Assistant Superintendent of Post | 0265-2793349 | 9429190451 |
| Valsad & Daman | Shri R.K. Patel | Assistant Superintendent of Post | 02632-244480 | 9429190469 |
| Entire Vadodara Region | Shri A.A. Huseini | Assistant Superintendent of Post | 0265-750811 | 9429190374 |
| Amreli | Shri Sandeep Kumar | Assistant Superintendent of Post | 02792-222882 | 9427747241 |
| Bhavnagar | Shri N J Joshi | Assistant Superintendent of Post | 0278-2425900 | 9712972515 |
| Rajkot Rural | Shri R R Virda | Assistant Superintendent of Post | 02825-220465 | 8866185124 |
| Jamnagar | Shri H A Chudasama | Assistant Superintendent of Post | 0288-2676592 | 9429974131 |
| Junagadh | Shri H D Pandya | Assistant Superintendent of Post | 0285-2675651 | 9925501423 |
| Kutchh | Shri R A Goswami | Assistant Superintendent of Post | 02832-220903 | 9426253907 |
| Porbandar | Shri B M Vankar | Assistant Superintendent of Post | 0286-2242457 | 9725862216 |
| Rajkot City | Smt. P D Domadiya | Assistant Superintendent of Post | 0281-2226509 | 9913085217 |
| S'Nagar | Shri M.R.Zala | Assistant Superintendent of Post | 02752- 222068 | 9712048567 |
| Entire Rajkot Region | Shri G B Khara | Assistant Superintendent of Post | 0281-2233284 | 9825069004 |
| **Circle Office** | Shri A.R.Shah | Assistant Superintendent of Post | 079-25505386 | 9426062254 |
| | Shri R A Shaikh | Inspector of Post | 079-25509382 | 9925007869 |